PG C1 PG C1

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર


રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com


નં. પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૭/કવા–૦૪/૧૫–૧૬ / 4906 તા. 07/04/16

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
નાગજીભાઈ વશરામભાઈ ખાણધાર,
જય શ્રી બહુચરાજી કૃપા, પ્લોટ નં.–૧૩,,
ખોડિયાર સોસાયટી,
ગામ: નવા નાગના
વાયા: ગુલાબનગર,
તા.જી. જામનગર
મો: ૯૪૨૮૩ ૧૯૨૨૫, ૯૪૨૭૭ ૬૯૭૭૩

વિષય :–ડિપોઝીટ રીફંડ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૭–૦૩–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર : ૭૭/કવા–૦૪/૧૫–૧૬)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની કોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.) 02

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૨ જામનગર
(૩) નાયબ ઈજનેર શ્રી , પીજીવીસીએલ , નગરસીમ પેટા વિભાગીય કચેરી જામનગર

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06 / 01

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com.

કેસ નં. : સીજીઆરએફ : ૭૭/ક્વા–૦૪/૧૫–૧૬ કમિટિ મીટીંગ તા.૨૯–૦૪–૧૬ સ્થળ :–જામનગર

**પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :**

અરજદાર (ફરીયાદી) : નામ: નાગજીભાઈ વશરામભાઈ ખાણઘાર, ગામ: નવા નાગના
રજુઆત કરનાર : અરજદાર શ્રી ના પ્રતિનીધી તરીકે મહેન્દ્રભાઈ નાગજીભાઈ ખાણઘાર હાજર રહેલ હતા.

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : હાપા પેટા વિભાગીય કચેરી જામનગર (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૧ જામનગર)
રજુઆત કરનાર : એચ.એસ.ચૌહાણ,નાયબ ઈજનેર, હાપા પેટા વિભાગીય કચેરી જામનગર

## : હુકમ:

**ફરીયાદ : ડિપોઝીટ રીફંડ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓના રદબાતલ થયેલ જોડાણ નં.: ૮૫૫૦૯/૦૦૪૧૦/૦ મા તેઓએ અગાઉ ભરપાઈ કરેલ ભાવપત્રક ની રકમ માહેના સર્વિસ કનેકશન ચાર્જ ની રકમ રૂ.૪૫૦/– અને ડિપોઝીટ ની રકમ રૂ.૧૨૦/– એમ કુલ રૂ.૫૨૧/– પરત મેળવવા માટે અગાઉ તેઓએ પીજીવીસીએલ ની સાત રસ્તા પેટા વિભાગીય કચેરી મા તા.૧૫–૦૪–૧૫ ના રોજ લેખીત અરજી આપેલ હોવા છતા, આજદિન સુધી તેઓને સદર રકમ પરત કરાયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) પક્ષકાર ની રજુઆત**

| | |
|---|---|
| ૨.૧ | અરજદાર શ્રી એ તેમના રદબાતલ કરાયેલ જોડાણ નં.: ૮૫૫૦૯/૦૦૪૧૦/૦ મા, તેઓએ અગાઉ ભરપાઈ કરેલ ભાવપત્રક ની રકમ માહેના સર્વિસ કનેકશન ચાર્જ ની રકમ રૂ.૪૫૦/– અને ડિપોઝીટ ની રકમ રૂ.૧૨૦/– એમ કુલ રૂ.૫૨૧/– પરત મેળવવા માટે અગાઉ તેઓએ પીજીવીસીએલ ની સાત રસ્તા પેટા વિભાગીય કચેરી મા તા.૧૫–૦૪–૧૫ ના રોજ લેખીત અરજી સાથે જરૂરી તમામ એવા દસ્તાવેજીક પેપર્સ અને રસીદો વગેરે રજુ કરેલ હતી, પરંતુ હાલ ના તબ્બકે, સદર રીફંડ કેઈસ ના અસલ કેઈસ પેપર્સ ની ફાઈલ, સદર પેટા વિભાગીય કચેરી મા શરચુક થી મીસીંગ થયેલ હોવાથી મળેલ નથી. પરંતુ, અરજદાર શ્રી ની સદર અરજી વાળો રીફંડ કેઈસ ખરેખર યોગ્ય અને વ્યાજબી છે. અને અરજદાર શ્રી ને તેમની માંગણી મુજબ ની રકમ નુ ચુકવણુ કરવુ પણ નિયમાધીન જરૂરી છે. જેથી, હાલ, સદર રીફંડ કેઈસ ની નકલો, ના આધારે, '' ડુપ્લીકેટ કેઈસ પેપર્સ '' તૈયાર કરી, અને – આજદિન સુધી સદર રકમ પરત કરાયેલ ન હોવા સબબ નુ સર્ટીફિકેટ જોડી, અને તે મુજબ ની '' ઓફિસનોટ'' મંજુર કરાવી, અને તે મંજુરી અન્વયે અરજદાર શ્રી ને તેમની માંગણી મુજબ ની નિયમાધીન પ્રક્રીયા હેઠળ પરત આપવા પાત્ર થતી રકમ, અરજદાર શ્રી ને પરત આપી અને અરજદાર શ્રી ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવામા આવશે. |

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ તરફથી ફોરમ સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ના કાયમી ધોરણે રદબાતલ થયેલ જોડાણ નં. ૮૫૫૦૯/૦૦૪૧૦/૦ માહે ની અગાઉ ભરપાઈ થયેલ સર્વિસ કનેકશન ચાર્જ ની રકમ રૂ.૪૫૦/– ડિપોઝીટ ની રકમ રૂ.૧૨૦/– એમ કુલ રૂ.૫૨૧/– પરત મેળવવા માટે ની અસલ અરજી સાથે ના કેઈસ પેપર્સ ની અસલ ફાઈલ, જે સબંઘક સદર પેટા વિભાગીય કચેરી મા, શરચુક થી મીસીંગ થયેલ હોવાથી મળેલ નથી. જેથી, હાલ, સદર રીફંડ કેઈસ ની નકલો, ના આધારે, '' ડુપ્લીકેટ કેઈસ પેપર્સ '' તૈયાર કરી, અને – આજદિન સુધી સદર રકમ પરત કરાયેલ ન હોવા સબબ નુ સર્ટીફિકેટ જોડી, અને તે મુજબ ની '' ઓફિસનોટ'' મંજુર કરાવી, અને તે મંજુરી અન્વયે અરજદાર શ્રી ને તેમની માંગણી મુજબ ની નિયમાધીન પ્રક્રીયા હેઠળ પરત આપવા પાત્ર થતી રકમ, અરજદાર શ્રી ને પરત આપી અને અરજદાર શ્રી ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવામા આવશે, તે મુજબ નો પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ અભિપ્રાય રજુ થયેલ છે. ફોરમ કમિટી એ પીજીવીસીએલ પક્ષકાર નો આ અભિપ્રાય નિયમાધીન અને ન્યાયિક રીતે યોગ્ય અને વ્યાજબી ઠેરવેલ છે. જેથી, તે મુજબ ની કાર્યવાહી સંપન્ન કરી અને, અરજદાર શ્રી ને સદર પ્રકાર ની, નિયમાધીન પ્રક્રીયા હેઠળ પરત આપવા પાત્ર થતી રકમ, અરજદાર શ્રી ને, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, દિન–૧૫ મા પરત આપી અને અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવા માટે નો,પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા સબબ નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી ને, તેમની માંગણી મુજબ ની, નિયમાધીન પ્રક્રીયા અંતર્ગત પરત આપવા પાત્ર થતી રકમ, જે અરજદાર શ્રી ને, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, દિન–૧૫ મા પરત આપી અને અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવા માટે ને, પીજીવીસીએલ પક્ષકાર ને આ સાથે આદેશ આપવામા આવે છે, |

( કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

( એમ.એન. ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..